# ઇંગ્લૅન્ડમાં અંગ દાન વિશેનો કાયદો બદલાઈ ગયો છે

# હજુયે તમારી પાસે પસંદગી છે

## ઇંગ્લૅન્ડમાં અંગ દાન હવે 'ઑપ્ટ આઉટ' સિસ્ટમમાં ફેરવાઈ ગયું છે.

ઇંગ્લૅન્ડમાં પુખ્ત વયના બધા લોકોને તેઓ મૃત્યુ પામે ત્યારે અંગ અને પેશી દાતા બનવા સંમત થયા હોવાનું માનવામાં આવશે સિવાય કે તેઓએ દાન ન કરવાનો નિર્ણય રેકોર્ડ કર્યો હોય, તેઓએ તેમના કુટુંબને જણાવ્યું હોય કે તેઓ દાન કરવા ઇચ્છતા નથી અથવા તેઓ નીચેના બાકાત સમૂહો પૈકી એકમાં હોય:

- 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો
- નવી વ્યવસ્થાઓ સમજવાની અને જરૂરી પગલું લેવાની માનસિક ક્ષમતાનો અભાવ હોય તેવા લોકો
- તેમના મૃત્યુ પહેલાં 12 મહિનાથી ઓછા સમય માટે ઇંગ્લૅન્ડમાં રહ્યા હોય તેવા લોકો
- ઇંગ્લૅન્ડના મુલાકાતીઓ
- અહિંયા સ્વૈચ્છિક રીતે ન રહેતા હોય તેવા લોકો.

નવી સિસ્ટમ માત્ર એવા અંગો અને પેશીઓને લાગુ પડશે જેનો ઉપયોગ રોજિંદા પ્રત્યારોપણો માટે થશે.

હજુયે તમારી પાસે પસંદગી છે કે તમે મૃત્યુ પામો ત્યારે દાતા બનવા માંગો છો કે નહીં. તમારી પસંદગીઓનું ટૂંકું વર્ણન આ તથ્ય પત્રકમાં આપેલું છે.

## કૃપા કરીને અંગ દાન વિશેનો તમારો નિર્ણય લો અને જણાવો

તમારા કુટુંબ અને મિત્રો સાથે તેની વાત કરો જેથી તેઓ તમારા નિર્ણય વિશે જાણે અને તમે તેમના નિર્ણય વિશે જાણો.

## શા માટે મહત્વનું છે કે તમે અંગ દાન વિશેનો તમારો નિર્ણય જણાવો?

તમે મૃત્યુ પામો ત્યારે તમારા કુટુંબને પૂછવામાં આવશે કે શું તમે કદાચ દાન કરી શકો.

આના ઘણા કારણો છે:

- તમારા કુટુંબનો વિચાર કરતાં
- તેમની પાસે કદાચ NHSના અંગ દાતાના રજિસ્ટર (NHS Organ Donor Register) પર રેકોર્ડ કરેલા દાન વિશેના તમારા નિર્ણય કરતા વધુ અદ્યતન માહિતી હોય
- અંગ દાન તમારી શ્રદ્ધા અને માન્યતાઓ પ્રમાણે આગળ વધે તેની ખાતરી કરવા માટે તમારું કુટુંબ અમને તમારી કોઈ ખાસ વિનંતી અથવા જરૂરિયાત વિશે જણાવી શકે છે
- તમારા કુટુંબે આપેલી માહિતી એ વાતની ખાતરી કરવામાં મદદરૂપ બનશે કે તમારા અંગો અન્ય લોકોએ પ્રાપ્ત કરવા માટે સુરક્ષિત છે

જો તમને નજીકનું કુટુંબ અને મિત્રો ન હોય, અથવા પસંદ કરો કે તમારા વતી કોઈ અન્ય વ્યક્તિને પૂછવામાં આવે, તો વિશ્વાસુ પ્રતિનિધિને નામનિયુક્ત કરવા માટે તમારી પાસે NHSના અંગ દાતાના રજિસ્ટર (NHS Organ Donor Register)નો ઉપયોગ કરવાનો વિકલ્પ છે.

વધુ જાણો અને તમારો નિર્ણય રેકોર્ડ કરો

**organdonation.nhs.uk** પર જાવ

## અંગ અને પેશીનું દાન શું છે?

અંગ દાન એ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ)ની જરૂરિયાતવાળી કોઈ વ્યક્તિને મદદ કરવા માટે અપાતી અંગની ભેટ છે. UKમાં દર વર્ષે અંગોના પ્રત્યારોપણો દ્વારા હજારો લોકોના જીવન બચાવવામાં અથવા સુધારવામાં આવે છે. મૃત્યુ પામેલા લોકો દ્વારા દાન કરી શકાય તેવા અંગોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- હૃદય
- કિડની
- લીવર
- ફેફસાં
- પૅન્ક્રિયાઝ (સ્વાદુપિંડ)
- નાનું આંતરડું

ચામડી, હાડકાં, હૃદયના વાલ્વ અને કૉર્નિયાઝ (આંખોના પારદર્શક પડદા) જેવી પેશી પણ લોકોનાં જીવન સુધારવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

## કાયદો શા માટે બદલાઈ ગયો છે?

વધુ જીવન બચાવવા અને સુધારવામાં મદદ કરવા માટે કાયદો બદલાઈ ગયો છે. અંગ દાનમાં ધરખમ પ્રગતિ થઈ છે પણ હજુયે દાતાઓની અછત છે. દરરોજ UKમાં બધે, પ્રત્યારોપણની રાહ જોતાં કોઈક વ્યક્તિ મૃત્યુ પામે છે.

## શું તમારી શ્રદ્ધા અને માન્યતાઓનો આદર કરવામાં આવશે?

**હા.** દાનની પ્રક્રિયા પહેલાં, દરમિયાન અથવા પછી તમારી શ્રદ્ધા અને માન્યતાઓનો આદર કેવી રીતે કરવામાં આવશે તે વિશે કુટુંબોને હોય તેવા કોઈ પ્રશ્નો પર ધ્યાન આપવા માટે તેમની સાથે કરાતી ચર્ચાઓ બાબતે અમારી નિષ્ણાત નર્સો હંમેશા અત્યંત વૈયક્તિકૃત અભિગમ રાખે છે.

જો તમે એક અંગ દાતા તરીકે નોંધણી કરાવવાનું પસંદ કરો, તો તમે ઑનલાઇન, NHS ઍપ મારફતે અથવા અમારી હેલ્પલાઇન મારફતે નોંધણી કરાવો ત્યારે, તમે જણાવી શકો છો કે તમે તમારી શ્રદ્ધા અને માન્યતાઓ પ્રમાણે ઇચ્છો છો કે NHS તમારા કુટુંબ અને અન્ય કોઈ યોગ્ય વ્યક્તિ સાથે અંગ દાન વિશે વાત કરે કે નહીં. અમારી નિષ્ણાત નર્સો NHSના અંગ દાતાના રજિસ્ટર (NHS Organ Donor Register) પર તમારી નોંધણી શોધશે ત્યારે તેઓ જોઈ શકશે કે તમે આ પ્રશ્નનો જવાબ આપ્યો છે કે નહીં.

તમારી શ્રદ્ધા અને માન્યતાઓનો કેવી રીતે આદર કરવામાં આવશે તેના વિશે વધુ જાણો

**organdonation.nhs.uk** પર જાવ

## તમે કઈ પસંદગીઓ કરી શકો

**તમે કોઈપણ સમયે, હજુયે પસંદ કરી શકો છો, કે તમારે દાતા તરીકે નોંધણી કરવી છે કે અંગ દાનમાંથી ઑપ્ટ આઉટ થવું છે.**

**તમે:**

- **દાતા બનવા માટે નોંધણી કરી શકો છો**
  તમારું મૃત્યુ થવાની ઘટનામાં તમારા અમુક અથવા બધા અંગો અને પેશીઓનું દાન કરવાનું પસંદ કરી શકો છો
- **દાતા ન બનાવા માટે નોંધણી કરી શકો છો**
  બધા અંગો અને પેશીના દાનમાંથી ઑપ્ટ આઉટ કરી શકો છો
- **બદલાવ અથવા સુધારો કરી શકો છો**
  અગાઉની નોંધણીમાંથી તમારી વિગતો અથવા દાનની પસંદગી અદ્યતન કરી શકો છો
- **તમારા માટે નિર્ણય લેવા કોઈને નામનિયુક્ત કરી શકો છો**
  આ એવી કોઈ વ્યક્તિ હોઈ શકે છે જેના પર તમે નિર્ણય લેવા માટે વિશ્વાસ મૂકી શકો છો, અને આનો અર્થ એ છે કે નજીકના સગાંસંબંધીઓને બદલે આ વ્યક્તિનો સંપર્ક કરવામાં આવશે.
- **રજિસ્ટરમાંથી નામ પાછું ખેંચી શકો છો**
  અમે સમજીએ છીએ કે કદાચ તમે રજિસ્ટરમાંથી તમારું નામ કાઢી નાખવા ઇચ્છતા હો. જો તમે રજિસ્ટરમાંથી નામ પાછું ખેંચો, તો અમારી પાસે ફાઇલ પર અંગ દાન વિશેનો નિર્ણય નહીં હોય.

## અમને જણાવો, પછી તમારા કુટુંબને જણાવો

**હવે કાયદો બદલાઈ ગયો છે, તેમ છતાં અંગ દાનની પ્રક્રિયા આગળ વધે તે પહેલાં હજુયે દર્દીના કુટુંબ અથવા નજીકના સગાંસંબંધીઓનો સંપર્ક કરવામાં આવશે.**

**તેમના સંબંધી શું ઇચ્છતા હતા તે પહેલેથી જાણતા હોય ત્યારે કુટુંબોને અંગ દાન વિશેના નિર્ણયોને ટેકો આપવો સરળ લાગે છે.**

**NHSના અંગ દાતાના રજિસ્ટર (NHS Organ Donor Register)માં જોડાઈ અને તેમને તમારો નિર્ણય જણાવીને તમારા કુટુંબને તમે શું ઇચ્છો છો તે જાણવાની નિશ્ચિતતા આપો.**

વધુ જાણો અને તમારો નિર્ણય રેકોર્ડ કરો

**organdonation.nhs.uk** પર જાવ

તમે NHS ઍપ મારફતે પણ તમારો નિર્ણય રેકોર્ડ કરી શકો છો.

તમારે જે જોઈતું હોય તે તમને ઑનલાઇન ન મળે અથવા જો તમને હજુયે ખબર ન પડતી હોય, તો તમે અંગ દાતાની લાઇન (Organ Donor Line) ને આ નંબર પર કૉલ કરી શકો છો: **0300 123 23 23**

જો તમને ઓછું સંભળાતું હોય, તો કૃપા કરીને અમારી ટેક્સ્ટ રિલે સેવાનો ઉપયોગ કરો: **18001 0300 1232323**

**07860 034 343** પર અમને ટેક્સ્ટ કરો

## વધારાની માહિતી

જો તમે NHSના અંગ દાતાના રજિસ્ટર (NHS Organ Donor Register) પરનો તમારો રેકોર્ડ સુધારવા અથવા પાછો ખેંચવા ઇચ્છતા હો તો તમે **0300 123 23 23** પર અંગ દાતાની લાઇન (Organ Donor Line) ને કૉલ કરીને, **www.organdonation.nhs.uk** પર જઈને અથવા નીચેના સરનામે પત્ર લખીને તેમ કરી શકો છો: Freepost RRZK–SHUX–SBCK, NHS Blood and Transplant, Fox Den Road, Stoke Gifford, Bristol BS34 8RR. તમે NHS ઍપ ડાઉનલોડ પણ કરી શકો છો અને ત્યાં તમારો નિર્ણય સુધારી શકો છો.

NHSનું અંગ દાતાનું રજિસ્ટર (NHS Organ Donor Register) એક ખાનગી અને સલામત ડેટાબેઝ છે જેમાં તમે મૃત્યુ પામો ત્યારે તમારા અંગો અને પેશી દાન કરવા ઇચ્છો છો કે નહીં તે જણાવીને અંગ દાન વિશેનો તમારો નિર્ણય રેકોર્ડ કરી શકો છો. જો અંગ દાનની શક્યતા બને, તો નિષ્ણાત નર્સો એ જોવા માટે રજિસ્ટર તપાસશે કે શું કોઈ વ્યક્તિએ દાતા બનવાનો કે ન બનવાનો નિર્ણય રેકોર્ડ કર્યો છે કે કેમ.

આ તથ્ય પત્રક તમારો નિર્ણય રેકોર્ડ કરવાની ઘણી રીતો બતાવે છે, પરંતુ તમે જે પણ નિર્ણય લો, તમારા પ્રિયજનોને જણાવવું મહત્વપૂર્ણ છે જેથી તેઓ તમારા દાન વિશેના નિર્ણયને ટેકો આપી શકે.



*રોહિત હૃદયરોગના હુમલાથી માત્ર 55ની ઉંમરે મૃત્યુ પામ્યો.*
*તેની કિડનીઓ, હૃદયના વાલ્વ અને આંખોના પારદર્શક પડદા દાન કરવામાં આવ્યા અને અન્ય લોકોને મદદરૂપ બન્યા.*

NHSOrganDonor



21220075 (Gujarati)